ગાંધીનગર સમાચાર

## સંક્ષિપ્ત સમાચાર

### આજે હિંમતનગરમાં ચાંદશહીદ બાબાનો ઉર્સ ઉજવાશે

હિંમતનગર, તા. ૮

હિંમતનગર હાથમતી નદી કિનારે આવેલ હજરત ચાંદશહીદ (ર.અ.આ.)ની દરગાહ ખાતે આજે ૯-૨-૧૬ને મંગળવારના રોજ ઉર્સ મુબારકની ઉજવણી થનાર છે.

દરગાહ કમિટીએ ઉર્સ અંગેના પોગ્રામની માહિતી આપતા જણાવ્યું છે કે દર વર્ષની જેમ આ વર્ષે પણ હજરત ચાંદ શહીદ (ર.અ.આ.)ના ઉર્સની ઉજવણી આજે શાનો શોકતથી થનાર છે. સાંજે ૪ વાગે આમ ન્યાઝ (પ્રસાદ)નો પ્રોગ્રામ રાખેલ છે. સાંજે ૫.૪૫ કલાકે લોબાન શરીફ થશે અને રાત્રે ૧૦.૩૦ કલાકે સંદલ શરીફ પેશ કરવામાં આવશે. ત્યારબાદ દુઆ થશે કોમી એકતાના પ્રતિક સમી આ દરગાહ પર ઉર્સ પ્રસંગે હજારો શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહી દુઆ માગે છે.

### ઈડરમાં કાર પલ્ટી ખાઈ જતા એકનું મોત

હિંમતનગર, તા. ૮

ઈડરના ગાયત્રીનગર સોસાયટીના નાકેથી પસાર થતા વલાસણા રોડ પર થઈને રવિવારે પસાર થઈ રહેલ કાર નં. જીજે-૯-બી, ૧૧૭૬ના ચાલકની આગળ અચાનક કુતરું આવી જતા કાર ચાલકે કારને બ્રેક મારી હતી. જેથી કારમાં બેઠેલા મિત રાજુભાઈ પંચાલનું ગંભીર ઈજારને કારણે મોત નિપજ્યું હતું. જે અંગે રોહિતકુમાર પંચાલે ઈડર પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## દિયોદર પ્રાંત કચેરી ખાતે કિસાનસંઘના ધરણા યોજાયા



દિયોદર, તા.૮

આજે દિયોદર પ્રાંત કચેરી ખાતે કિસાન સંઘ દ્વારા ધરણાંનો કાર્યક્રમ યોજાયો હતો. બોહળી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા. દિયોદર તાલુકા કિસાન સંઘના પ્રમુખ જેવતાભાઈએ કિસાનોના બારથી તેર પ્રશ્નોની રજુઆતો કરી હતી. જેમાં નર્મદાનીરથી ગામે ગામ તળાવો ભરવા, ખેત પેદાશના પોષણ ભાવો મળી રહે, ટપક પધ્ધતિ (ફુવારા)ની સબસીડી વધારી નેવું ટકા કરવી, સુજલામ સુફલામ યોજના તાત્કાલીકના ધોરણે ચાલુ કરવી. તાત્કાલીક ખેતી માટે વિજ કનેકશન આપવું દાણમાં કમરતોડ ભાવ વધારો કરેલ તે ઓછો કરવો, દુધનો ભાવ વધારો, અતિપુરના કારણે થયેલ નુકશાનનું પુરેપુરું વળતર આપવા વગેરે મુદ્દાઓ રજુ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કિસાન જિલ્લા ઉપપ્રમુખ આયદનભાઈ તાલુકા પ્રમુખ જેવતાભાઈ, મંત્રી કલ્યાણભાઈ, સગરામભાઈ, આર.કે. ચૌધરી, ખેતાભાઈ તથા તાલુકાના અગ્રણી ખેડૂતો હાજર રહ્યા હતા.

## પ્રાંતિજના પૂર્વ વિસ્તારમાં આવેલ આરસોડાની સીમમાં નીલ ગાયોનો ત્રાસ

સલાલ, તા.૮

પ્રાંતિજ તાલુકાના પૂર્વ વિસ્તારમાં આવેલ આરસોડા, મોછા ફતેપુર, તખલગઢની સીમમાં ખેડૂતો દ્વારા વાવણી કરવામાં આવી છે. જયાં જંગલી નીલ ગાયો-રોઝ દ્વારા નુકસાન થતું હોવાથી ખેડૂતોને ખેતરમાં દિવસ-રાત ચોકી પહેરા કરવા પડતા હોવાની રાવ ઉઠવા પામી છે. શિયાળો બરાબર જામ્યો છે. કડકડતી ઠંડીથી લોકો ઘરમાં પુરાઈ રહે છે અને ખેતરોમાં શિયાળુ પાકોનું વાવેતર કરેલ છે જેમાં નીલગાયોના ટોળા દોડી આવતા ખેતરમાં વાવેલ પાક બગડી જતાં ખેડૂતો હાલાકી ભોગવી રહ્યા છે. ઘઉં તેમજ વરીયાળીના પાકોનો સોથ વાળી દેતા નીલ ગાયોના ટોળાઓ ઘણી વાર રોડ ઉપર પણ દોડી આવતા નાનામોટા અક્સ્માતો પણ નોંધાયા છે. સરકાર દ્વારા તારની વાડ માટે પણ ખેડૂતોએ ગ્રાન્ટ ફાળવવા અરજીઓ કરી છે. પણ ગ્રાન્ટો કરતાં અરજીઓ અનેક હોવાથી ખેડૂતો વેઈટીંગ લીસ્ટમાં હોવાથી તારની વાડથી પણ વંચિત રહેતા હોવાથી ખેડૂતોની લાગણીને માન આપી યોગ્ય પગલાં ભરાય તેવું ખેડૂતો ઈચ્છી રહ્યા છે.

## બાયડ બસસ્ટેન્ડ નજીક ટ્રકની ટક્કરે સ્કૂટીચાલક આધેડનું મોત

### અકસ્માત સર્જી ટ્રક ચાલક ઘટના સ્થળથી ફરાર

વડાગામ, તા. ૮

અરવલ્લી જિલ્લાના બાયડ બસ સ્ટેન્ડ સામે મોડાસા-કપડવંજ રાજ્ય ધોરી માર્ગ પર સોમવારે સવારના સુમારે ટ્રકચાલકે સ્કૂટીને અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સ્કૂટી ચલાવનાર આધેડને અકસ્માતના પગલે શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તાબડતોડ દવાખાને ખસેડતા સારવાર હાથ ધરવા છતાં આધેડનું મોત નિપજતાં બાયડ પોલીસે અકસ્માત સર્જી ફરાર ટ્રકચાલક વિરૂદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

બાયડ બસસ્ટેન્ડ નજીક સોમવારે સવારે ટ્રકચાલકે સ્કુટી ચાલકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. બાયડના રહીશનું અકસ્માતથી મોત નિપજતા બાયડ નગરમાં અરેરાટી ફેલાઈ હતી. બાયડના રહીશ હર્ષદકુમાર કોદરલાલ ગાંધી (ઉ.વ. ૫૫) તેમની સ્કુટી ગાડી નં. જીજે૧ કેડી-૪૩૭૦ લઈને બસ સ્ટેન્ડ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોડાસા તરફથી નડિયાદ જતી ટ્રક (ગાડી નં. જીજે૯ઝેડ-૯૦૫૭)ના ટ્રકચાલકે ગફલતભરી રીતે પુરઝડપે હંકારી સ્કૂટીને ટક્કર મારી દેતા સ્કૂટી ચલાવતા રહીશ રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકો અને પરિવારજનોએ તાબડતોડ સારવાર અર્થે વાત્રક રેફરલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. તબીબોની સારવાર કારાગત નિવડે તે પહેલા હર્ષદભાઈનું મોત નિપજતા પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ હતી. બાયડ પોલીસે રશ્મીક અરવિંદભાઈ ગાંધીની ફરિયાદના આધારે ટ્રકચાલક વિરૂદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.



### ધનસુરામાં ગેરકાયદેસર નિર્માણ પામતી મસ્જીદને લઈ મામલતદાર અને સરપંચને આવેદનપત્ર

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના જનતાનગર વિસ્તારમાં સરકાર દ્વારા ગરીબોના ઘર બનાવવા ફળવાયેલી ગામતળની જમીનમાં કરીમન ખુદાબક્ષ ભટ્ટી નામના શખ્સે સરકારના નિયમોને ઘોળીને પી જતા ઘર બનાવવા આપેલી જમીન પર ગેરકાયદેસર રીતે ધાર્મિક સ્થળ મસ્જીદ બનાવવા શરૂ કરી દેતા ધનસુરા પંથકમાં મુસ્લિમ ઈસમ સામે ફીટકાર વરસ્યો હતો. ધનસુરા ગામના યુવાનોએ નિર્માણ પામતી મસ્જીદનું કામકાજ તાત્કાલીક ધોરણથી અટકાવી દેવા ધનસુરા ગામના સરપંચ અને ધનસુરા તાલુકાના મામલતદારને આવેદનપત્ર આપી તાકીદ કરી હતી કે મુસ્લિમ ઈસમ દ્વારા ગેરકાયદેસર મસ્જિદ બનાવવાનું અટકાવવામાં નહિ આવે તો આગામી દિવસોમાં યુવાનો દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે જેની જવાબદારી વહીવટી તંત્રની રહેશે.

## મોટા કંથારીયા ગામમાં સર્વ રોગ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો




ભિલોડા,તા.૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મોટા કંથારીયા ગામમાં સર્વ રોગ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો હતો.ભિલોડા તાલુકા બ્લોક હેલ્થ ઓફીસ અધિકારી ડૉ. એ. જે. વૈષ્ણવના જણાવ્યા મુજબ ન્યુ ગુજરાત પેટર્ન યોજના અંર્તગત જીલ્લા મુખ્ય અધિકારી અમરનાથ વર્માના માર્ગદર્શન હેઠળ મોટા કંથારીયા ગામમાં સર્વ રોગ નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો.૫૯૧ દર્દીઓએ તજજ્ઞ ડાંક્ટરો ધ્વારા નિદાન અને સ્થળ ઉપર સારવાર આપવામાં આવી હતી. આ પ્રસંગે જીલ્લા પંચાયત સદસ્ય, તાલુકા પંચાયત પ્રમુખ કુંદનબેન ડામોર, ડૉ. એ. જે. વૈષ્ણવ, લુસડીયા પ્રાથમીક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ,તાલુકા હેલ્થ સુપરવાઈઝર તેમજ સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો.

## ઊંઝાના મક્તુપુર ગામે બંધ મકાનમાંથી ૧.૫૫ લાખની ચોરી

ઊંઝા, તા. ૮

ઊંઝા તાલુકામાં ઘરફોડચોરી અને વાહનચોરીના ગુનાઓનું પ્રમાણ વધતા લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે. ઊંઝા નજીકના મક્તુપુર ગામે હાઈવે પર એક સોસાયટીના બંધ મકાનમાંથી રાતના સમયે કોઈ તસ્કરો રોકડ રકમ તેમજ સોના ચાંદીના દાગીના મળી કુલ ૧.૫૫ લાખની મત્તાની ચોરી કરી હોવાનો બનાવ બનેલ છે.

વિગત એવી છે કે, ઊંઝા નજીકના મક્તુપુર ગામે હાઈવે પર સરદાર સોસાયટી આવેલ છે. આ સોસાયટીના બી-૪૦ નંબરના મકાનમાં રહેતા સરવેયર અજીતકુમાર પોપટલાલ હાલારી સમાજના ઈનામ વિતરણ સમારંભમાં મહેસાણા ગયા હતા ત્યારે કોઈ તસ્કરોએ આ બંધ મકાનને નિશાન બનાવ્યું હતું.

તસ્કરોએ મકાનના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. બાદ અંદરથી ૩૭ હજારની રોકડ રકમ, સોનાની ચાર વીટીં, સોનાની નથણી, સોનાનો જૂનો હાર, ચાંદીના સિક્કાઓ, કેમેરા વિગેરે મળી કુલ ૧.૫૫ લાખની કિંમતની મત્તાની ઘરફોડ ચોરી કરી ક્યાંક પલાયન થઈ ગયા હતા. આ બનાવ અંગે ઊંઝા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

## વરથુ ગ્રામ્ય માર્ગ પર કરાયેલા દબાણો દૂર કરાયા





અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના વરથુ ગામે મરડીયાથી દધાલિયા સુધીના ગ્રામ્ય માર્ગ પર ગ્રામજનોએ કરાયેલા દબાણો અહીંથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓ માટે દુઃખાવા સમાન બની ગયા હતા. વરથુ ગ્રામ પંચાયતના સરપંચ પ્રવિણ પટેલ અને પંચાયત દ્વારા અડચણરૂપ દબાણ જિલ્લા તાલુકા વિસ્તરણ અધિકારીની ઉપસ્થિતિમાં જેસીબી વડે દૂર કરાતા અહીંથી પસાર થતા વાહનચાલકો અને ગ્રામજનોમાં આનંદ છવાયો હતો.

## મોડાસામાં ૫ જુગારીઓ ઝડપાયા, ૧.૭૨ લાખનો મુદ્દામાલ જપ્ત : ૨ શકુનિઓ ફરાર

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં અસામાજીક પ્રવૃત્તિઓએ માઝા મુકી છે. મોડાસા શહેરમાં ૭૨ કલાકની અંદર ૧૦ થી વધુ જુગાર રમતા શકુનિયો ઝડપી પાડી મોડાસા ટાઉન પોલીસે કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી છે. અરવલ્લી જિલ્લા અને મોડાસા શહેરમાં જુગાર રમતા શકુનિયો બેખોબ બની જુગાર રમવામાં વ્યસ્ત છે. મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ. મોદીએ જુગારીઓ પર ઘોસ બોલાવતા જુગારીઓમાં ફફડાટ ફેલાયો છે. મોડાસા ટાઉનપોલીસે રવિવારે રાત્રીના સુમારે મોડાસા નજીક પહાડપુર રોડ પર કબ્રસ્તાન સામે હાર-જીતનો જુગાર રમતા ૫ શકુનીઓ ઝડપી પાડી ૧૭૨૪૦૦ રૂ.નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસને થાપ આપી બે જુગારીઓ છટકી જવામાં સફળ રહ્યા હતા.

મોડાસા શહેરના અનેક વિસ્તારોમાં પોલીસતંત્ર અને કાયદો વ્યવસ્થાની ઐસીતૈસી કરી અસામાજીક તત્વો બેખોફ બની જાહેરમાં જુગાર રમતા હોવાની ચર્ચા ટોક ઓફ ધ ટાઉન બની છે અને આ ચર્ચા સાચી સફળ થતી હોય તેવી રીતે મોડાસા ટાઉન પોલીસે ૭૨ કલાકની અંદર મોડાસા શહેરના આજુબાજુના વિસ્તારમાંથી ૧૦ શકુનિઓ ઝડપી પાડી જેલના હવાલે ધકેલી દીધા છે. મોડાસા શહેરથી પહાડપુર ગામે જવાના માર્ગ પર આવેલા કબ્રસ્તાનની સામે આવેલા કૂવાની ઓરડી નજીક ખુલ્લી જગ્યામાં વગર પાસપરમીટે ગેરકાયદેસર જુગારની હાર-જીતની જાહેરમાં બાજી લગાવતા હોવાનું પોલીસને ધ્યાને આવતા રવિવારે રાત્રીના સમયે મોડાસા ટાઉન પોલીસે છાપો મારતા આકાશ નીચે ખુલ્લામાં હાર-જીતની બાજી લગાવી રોકડ રકમ સાથે જુગાર રમતા ઈમરાન ઉસ્માનગની સાકરીયાવાલા (રહે. એકતા સોસાયટી), સોહેલ ઈકબાલભાઈ પટેલ (રહે. રસુલાબાદ સોસાયટી), મુસ્તકીમ સલીમભાઈ પહોચીયા (રહે. રોવલપાર્ક સોસાયટી), મુનાફ મુસ્તુફાભાઈ ટીંટોઈયા (રહે. પુંજીલાલની સોસાયટી), માં. હુસેન અબ્બાસખાન પઠાણ (મોટી મસ્જીદ કસ્બા) તમામ રહે. મોડાસાને દબોચી લીધા હતા. જુગારીઓએ દાવ પર માંડેલ રૂ. ૨૧૪૦૦ રોકડા, ૭વ મોબાઈલ તથા વાહનો મળી કુલ કિંમત રૂ. ૧૭૨૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી લીધો હતો.

જ્યારે પોલીસ રેડ જોઈને ઓવેશ સુફી, ટીનીયો પથારાવાળો (રહે. મોડાસા)નાસી છુટવામાં સફળ રહ્યા હતા. મોડાસા ટાઉન પોલીસે તમામ ૭ આરોપીઓ વિરૂદ્ધ જુગારધારાની કલમ-૧૨ હેઠળ ગુન્હો કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી ૨ શકુનિઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## ભિલોડાના વીરપુર ગામની પરણિતાને સાસરીયાઓ દ્વારા ત્રાસ ગુજારાતા ફરિયાદ

ભિલોડા,તા.૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વીરપુર ગામની પરણિતાને સાસરીયાઓ ધ્વારા શારીરીક, માનસિક ત્રાસ ગુજારી મારપીટ કરતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી. એસ. ઓ. પ્રહલાદભાઈ પરમારના જણાવ્યા મુજબ વીરપુર ગામની પરણિતા ઉર્મીલાબેન સડાતનું લગ્નજીવન ૭ વર્ષનું છે અને તેમને ત્રણ સંતાનો પણ છે પરંતુ છેલ્લા ૧ વર્ષથી તેમના પતિ સુભાષભાઈ વાલજીભાઈ સડાત તેમની પત્નની ઉર્મીલાબેન સડાતને વારંવાર મ્હેણાં-ટોણા મારી વારંવાર ઝઘડો કરી કહેતા હતા કે તું તારા પીયરમાં જતી રહેજે તેમ કહી વારંવાર શારીરીક,માનસિક ત્રાસ ગુજારી કહેતા હતા કે મારે તો બીજી પત્ની લાવવી છે. તેમ કહી પરણિતાને લાકડી વડે મારપીટ કરી ગંભીર ઈજાઓ પહોંચાડતા ચકચાર મચી જવા પામી છે. વીરપુર ગામની પરણિતાએ સુભાષભાઈ વાલજીભાઈ સડાત(પતિ), નવલીબેન વાલજીભાઈ સડાત (સાસુ) વિરૂધ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે કાર્યવાહી હાથ ધરેલ છે.

## ભિલોડા પ્રેરણા મંદીર વિદ્યાલયની હેન્ડબોલની ટીમ જીલ્લા કક્ષાએ ચેમ્પીયન



ભિલોડા,તા.૩૦

અરવલ્લી જીલ્લા કક્ષાના ખેલ મહાકુંભ-૨૦૧૬ માં અરવલ્લી જીલ્લા કક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં પ્રેરણા મંદીર વિદ્યાલય,ભિલોડાની ટીમ અરવલ્લી જીલ્લા કક્ષાએ ચેમ્પીયન બનતાં આનંદની લાગણી પ્રસરી છે. ભિલોડા અર્બુદા સેવા સંઘ મંત્રી દામુભાઈ પટેલ, પ્રેરણા મંદીર, વિદ્યાલય આચાર્ય રમણભાઈ પટેલ, વ્યાયામ શિક્ષક દિનેશભાઈ ચૌધરી તેમજ સ્ટાફ પરીવારએ હેન્ડબોલના ખેલાડી વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

## મોડાસા શહેરમાં ઉત્તરાયણ પર્વમાં વપરાયેલી દોરીથી ઘાયલ થતા પક્ષીઓની વ્હારે જીવદયા પ્રેમીઓ

મોડાસા, તા. ૭

ગુજરાત રાજ્ય અને સમગ્ર દેશમાં ૧૪મી જાન્યુઆરી ઉત્તરાયણના પર્વને ભારે હર્ષોલ્લાસથી ઉજવી દેશવાસીઓ અને ખાસ કરીને ગુજરાતીઓ પતંગ ફસાઈ જવાથી પક્ષીઓ ઘાયલ થયેલા પક્ષીઓની વ્હારે અરવલ્લી જિલ્લા અને મોડાસા શહેરમાં જીવદયા પ્રેમીઓ દ્વારા સારવાર કરી અનોખો સેવાયજ્ઞ હાથ ધરવામાં આવ્યો છે.

### ધાબા, ઝાડ, છત પર લટકતી દોરી પક્ષીઓ માટે ઘાતકરૂપ

આકાશે ચડાવાની અને પેચ લડાવાની મઝા માણવા કાચથી રંગેલી દોરી અને ચાઈનીઝ દોરીનો ભરપુર ઉપયોગ આકાશે ઉડતા પક્ષીઓ માટે જીવલેણ સાબીત થાય છે. ઉત્તરાયણ પર્વના મહિનાઓ બાદ પણ તાર, વૃક્ષો, છત-ધાબા પર લટકતી દોરી

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ઉત્તરાયણ પર્વના મહિનાઓ બાદ પણ પતંગરસિયાઓએ આકાશીયુદ્ધ લડાવવા વાપરેલી કાચથી રંગેલી દોરી અને પ્રતિબંધ હોવા છતાં જિલ્લાના બજારોમાં આસાનીથી મળી રહેતી ચાઈનીઝ દોરી ઉત્તરાયણ પર્વે અને પહેલા અને પછી કેટલાક દિવસો સુધી આકાશમાં વિહરતા પક્ષીઓ માટે ઘાતકરૂપ સાબીત થાય છે. ત્યારબાદ તાર, વૃક્ષો, છત-ધાબા પર લટકતી દોરીમાં પક્ષીઓ ફસાઈ જવાની અને ઘાયલ થવાની સાથે મૃત્યુ નિપજવાની ઘટનાઓ પણ બનતી હોય છે. અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં જીવદયાપ્રેમી તરીકે ઓળખ ધરાવતા નિલેષભાઈ જોષી દોરીથી ઘાયલ થયેલા પક્ષીઓને બચાવી લેવા અથાગ પ્રયત્નો હાથ ધર્યા છે.

મોડાસા શહેરના રત્નદીપ સોસાયટી નજીક આવેલા ઘટાદાર વડના ઝાડ પર લટકેલી દોરીથી પક્ષી છેક ઉંચાઈ પર ફસાઈ જતા અને ઈજાઓથી અવાજ કરતા આ અંગેની જાણ નિલેષભાઈને થતા તાબડતોડ રત્નદીપ સોસાયટીમાં તેમની ટીમ સાથે પહોંચી ઉંચાઈ પર ફસાઈ પડેલા પક્ષીને તેમની ટીમના યુવાને જીવના જોખમે ઝાડ પર ફસડાઈ ગયેલી અને દોરીથી વીંટળાયેલી કાબરને નીચે ઉતારી હતી. જેને નિલેષભાઈ જોષીએ કાતરથી દોરી કાપી ઈજાઓ પર દવા લગાવી સારવાર હાથ ધરી હતી. રત્નદીપ સોસાયટીના રહીશોએ જીવદયાપ્રેમીઓની સરાહના કરી હતી.

### સેવાકીય સંસ્થાઓના સહયોગથી દોરી ઉતારવાની કવાયત હાથ ધરવી જોઈએ

અરવલ્લી જિલ્લા અને મોડાસા શહેરમાં જીવદયા પ્રેમીઓ, સેવાકીય સંસ્થાઓ અને શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ઉત્તરાયણ પર્વે પછી તાર, વૃક્ષો, છત-ધાબા પર લટકતી દોરી પક્ષીઓ માટે જીવલેણ સાબીત થાય તે પહેલા એકબીજા સાથે સંકલન સાધી અનુરોધ કરી તાર, વૃક્ષો, છત-ધાબા પર લટકતી દોરી એકત્રીત કરી સળગાવી દઈ નાશ કરી દેવામાં આવે તો દોરીમાં ફસાઈને પક્ષીઓ ઘાયલ થવાની અને મૃત્યુ પામવાની ઘટનાઓ પર અંકુશ મેળવી શકાય અને આ અંગે બધા પ્રજાજનોએ સાથે મળી પહેલ કરવી જોઈએ તેમ નિલેષભાઈ જોષીએ જણાવ્યું હતું.

## ખંભાતમાં સ્પીરીચુઅલ કોન્ફરન્સનું આયોજન

આણંદ, તા.૮

ખંભાતના અશરફનગર સ્થિત સુફી સંત મીરા સૈયદઅલી સરકારની દરગાહ ખાતે આગામી તા. ૧૩મી ફેબ્રુઆરીના રોજ ઉર્સ (મેળા) ઉજવણી નિમિત્તે બે દિવસીય ઈન્ટરનેશનલ સ્પીરીચુઅલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સ દરમિયાન તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરી નવાજવામાં આવશે. જેમાં મહેમાન તરીકે કેન્દ્ર સરકારના મંત્રી મુખ્તાર અબ્લાસ નકવી, યુએઈના મીનીસ્ટર ડૉ. શેખ ઉમર અલ-ખતીબ, મોરેશીયસના પૂર્વ રાષ્ટ્રપતિ હાજી અબ્દુર્રઉફ, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમના અધ્યક્ષ સુફી સંત મહેબુબઅલી ચિશ્તી, નિવૃત્ત આઈ.પી.એસ. એ.આઈ. સૈયદ તેમજ દેશ વિદેશના ધર્મગુરુઓ, નેશનલ લેવલના મંત્રીઓ ઉપસ્થિત રહેશે.